# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-10-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# NEW PM MODI - GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે આજે વડોદરામાં C- 295 લશ્કરી એરક્રાફ્ટના ઉત્પાદન માટે TATA એરક્રાફ્ટ કૉમ્પલેક્ટનું સંયુક્તપણે ઉદ્ઘાટન કર્યું હતું. ભારતમાં લશ્કરી વિમાનોના ઉત્પાન માટે ખાનગી ક્ષેત્રની આ પ્રથમ એસેમ્બ્લી લાઇન છે.

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે ટાટા એરક્રાફ્ટ કૉમ્પલેક્સ વૈશ્વિક એરોસ્પેસ ઉત્પાદનમાં વિશ્વસનીય ભાગીદારી તરીકે ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. તેમણે ઉમેર્યું કે આ ફેક્ટરી માત્ર ભારત – સ્પેન સંબંધોને જ મજબૂત નહીં બનાવે, પરંતુ મેક ઇન ઇન્ડિયા અને મેક ફોન ધ વર્લ્ડ મિશનને પણ સશક્ત બનાવશે. સંરક્ષણ ઉત્પાદનમાં ભારતની વધતી ક્ષમતાઓ પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે દિવસો દૂર નથી, જ્યારે ભારત વિશ્વ માટે નાગરિક વિમોનું ઉત્પાદન કરશે અને દેશના MSME ક્ષેત્રનો તેમાં મોટો ફાળો હશે.

***<u>Byte- PM Modi</u>***

પ્રધાનમંત્રીએ ભારતના સંરક્ષણ ક્ષેત્રની અભૂતપૂર્વ વૃદ્ધિ અને દેશમાં વાઇબ્રન્ટ સંરક્ષણ ઉદ્યોગનું નિર્માણ કરવા અને સંરક્ષણ ઉત્પાદનમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા અનેક પગલાંઓ વિશે પણ વાત કરી.

છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં લગભગ 1 હજાર સંરક્ષણ સ્ટાર્ટઅપની રચના કરાઈ છે. સાથે જ દેશની સંરક્ષણ નિકાસમાં 30 ગણો વધારો થયો

છે. ભારત હવે વિશ્વના 100 થી વધુ દેશોમાં સંરક્ષણ ઉપકરણોની નિકાસ કરી રહ્યું છે.

પીએમ મોદીએ જણાવ્યું કે વડોદરામાં નવી સુવિધા દેશના યુવાનોને કૌશલ્ય અને ટેક્નોલોજી પ્રદાન કરવામાં અને હજારો રોજગારના સર્જનમાં મહત્વની ભૂમિકા ભજવશે. ફૂડ, ફિલ્મો અને ફૂટબોલ દ્વારા ભારત અને સ્પેનના લોકો વચ્ચેના મજબૂત સંબંબો વિશે વાત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે બંને દેશોએ વર્ષ 2026ને સંસ્કૃતિ પ્રવાસન અને AIના વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

---------------------------

## PM- VADODARA LAXMIVILAS PALASH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાન્ચેઝ વચ્ચે વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસ ખાતે દ્વિપક્ષીય બેઠક મળી હતી અને બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ, આઇટી અને નવાચાર, સંરક્ષણ, સુરક્ષા, પુનઃપ્રાપ્ય ઉર્જા, ફાર્મા, સંસ્કૃતિ અને પર્યટન સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા થઇ હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને સ્પેનની ભાગીદારી સદીઓ જૂની છે. ભારત-સ્પેન વૈશ્વિક શાંતિ પર ભાર મૂકે છે.

-------------------

# PM - AMRELI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બપોર બાદ અમરેલી ખાતે અંદાજે 4,900 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું ખાતમહૂર્ત અને લોકાર્પણ કરશે. આ વિકાસ કાર્યોથી અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના નાગરિકોને લાભ થશે. પીએમ અમરેલીના દુધાળામાં ભારત માતા સરોવર ખાતે ધોળકિયા ફાઉન્ડેશનની જળ સંરક્ષણ પહેલનું પણ ઉદ્ઘાટન કરશે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે પ્રધાનમંત્રી લગભગ 1,100 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ ભુજ-નલિયા રેલ ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ ઉપરાંત 2,800 કરોડ રૂપિયાથી વધુના રોડ પ્રોજેક્ટ્સ અને રૂ. 700 કરોડથી વધુના જળ સંરક્ષણ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે.

-------------------

# PM - VADODARA DIVYANG DIYA

વડોદરાની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી દિવ્યાંગ છાત્રા દિયાને મળવા કાફલામાંથી નીચે ઉતર્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને પેડ્રો સાન્ચેઝને આવકારવા દિવ્યાંગ કલાકાર  દિવ્યા ચિત્રો લઇ રોડ શોમાં ઉભી હતી અને બન્ને નેતાઓ દિયાની પાસે જઇને તેમને મળ્યાં હતા..

વડોદરાની એમએસ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની દિયા ગોસાઇ ઉત્તમ ચિત્ર કલાકાર છે.

---------------

## PLETFORM TICKET

અમદાવાદના રેલવે સ્ટેશનો ઉપર દિવાળીના તહેવારોમાં પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ કરાયું છે..અમદાવાદ, સાબરમતી અને અસારવા રેલવે સ્ટેશનો ઉપર દિવાળીના તહેવારો દરમિયાન થતી ભારે ભીડને નિયંત્રિત કરવા માટે આ સ્ટેશનો ઉપર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ કરી દેવાયું છે.. મુસાફરો સિવાય અન્ય કોઈ સગા સંબંધી પ્લેટફોર્મ ઉપર પ્રવેશ મેળવી શકશે નહિ. રેલવે તંત્ર દ્વારા છઠ્ઠી નવેમ્બર સુધી પ્લેટફોર્મ ટિકિટ નહીં મળી શકે.

---------

## MAHISAGAR NAKLI KHATAR

મહિસાગર જિલ્લાના વીરપુરના ડેભારી સહકારી સંઘમાંથી નકલી ખાતર મળી આવતા ખેડૂતોએ હોબાળો કર્યો હતો. ખેડૂતોનો આરોપ છે કે સંઘના સેક્રેટરી દ્વારા તેમને નકલી ખાતર આપવામાં આવ્યું હતું. જેનો ઉપયોગ ખેડૂતોએ શિયાળુ પાકની વાવણી કરતા ખાતર નકલી હોવાનું સામે આવ્યું હતું. જે બાદ ખેડૂતોએ હોબાળો કરતા સંઘમાંથી ખાતર

તાત્કાલિક ધોરણે હટાવાયું હતું. ખેડૂતોએ આ મામલે તપાસની માગ કરી છે.

-----------------

## KHARIF PAK NUKSAN

દાહોદ જિલ્લામાં ઓગસ્ટ મહિનામાં પડેલા ભારે વરસાદથી નુકશાન પામેલા ખરીફ પાક સામે રાજ્ય સરકારે કૃષિ સહાય પેકેજ જાહેર કર્યું છે. તેનો લાભ લેવા માટે દાહોદના જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે કે તમામ ખેડૂતોએ ગ્રામ પંચાયતથી ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી તમામ કાગળો અરજી કર્યાના એક દિવસ પહેલા આપવાના રહેશે.

આ સહાયનો લાભ મેળવવા ખેડૂતોએ 31 ઓક્ટોબર સુધી સરકારની સતાવાર વેબસાઈટ પર અરજી કરવાની રહેશે.

----------------------------------